# વાવોલ રેલવે ફાટક પાસેથી મળેલા યુવાનના મૃતદેહની ઓળખ થઈ

***મુળ પંચમહાલનો યુવાન દારૂના નશાનો બંધાણી હતો : નશાથી મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક તારણ : પોસ્ટમોર્ટમમાં શરીરે કોઈ ઈજાના નિશાન ન મળ્યા***

ગાંધીનગર, તા.૮

વાવોલ ગામના નાના ફાટક પાસેથી ગઈ કાલે બપોરના અરસામાં શંકાસ્પદ હાલતમાં એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. સે-૭ પોલીસે હાથ ધરેલી તપાસમાં તેની ઓળખ થતા મુળ પંચમહાલનો યુવાન હોવાનું બહાર આવ્યું છે. આ શખ્સ દારુના નશાનો બંધાણી હતો. તેનાથી જ મૃત્યુ નિપજયું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પેનલ ડોકટરથી કરાયેલા પોસ્ટમોર્ટમમાં મૃતકના શરીર પર કોઈ ઈજાના નિશાન પણ મળી આવ્યા ન હતાં.

સેકટર-૭ પોલીસે વાવોલ પાસેથી શંકાસ્પદ હાલતમાં ડિકમ્પોઝ થઈ ગયેલા મળી આવેલા અજાણ્યા યુવાનના મૃતદેહ અંગે તપાસ આરંભી હતી. મોડી સાંજે આ મૃતકની ઓળખ થઈ જવા પામી હતી. પંચમહાલ જિલ્લાનો આ યુવાન દારુનો શોખીન અને બંધાણી બની ગયો હતો. પીધા બાદ આ સ્થળે આવીને કોઈ કારણોસર મૃત્યુ પામી ગબડી પડયો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પેનલ ડોકટર દ્વારા કરવામાં આવેલા પોસ્ટમોર્ટમમાં પણ શરીરે ઈજાના કોઈ નિશાન મળ્યા નથી. જો કે ઘટના સ્થળે મૃતદહેની બાજુમાં પડેલા મૃતકના બુટ હજુ પણ કેટલીક શંકાઓ દર્શાવી રહી છે. સુવ્યવસ્થિત રીતે મુકાયેલા બુટ કોણે ગોઠવીને મુકયા હશે તે પ્રશ્ન પોલીસને મુંઝવી રહ્યો છે. સે-૭ પોલીસે તે દિશામાં વધુ તપાસ આરંભી છે.

## નેપાળીએ કરેલી મોબાઈલ ચોરી પૈકી ૧૧ મોબાઈલ હજુ મળ્યા નથી...!

***આરોપી એક દિવસના પોલીસ રિમાન્ડ પર***

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સે-૧૧ ડ્રીમ ઈલેકટ્રોનીકસ શૉ રૂમના માલિકે નેપાળી યુવક મોહન ખત્રીને અપમાનીત કરતા તેણે શૉ રૂમમાં ઘરફોડ કરીને સંખ્યાબંધ મોબાઈલ તથા લેપટોપ અને ટેબલેટની ચોરી કરી હતી. ગાંધીનગર એલસીબીએ ગઈ કાલે તેને ૪૦ મોબાઈલ, બે લેપટોપ અને ત્રણ ટેબલેટ સાથે ઝડપી લીધો હતો. સે-૭ પોલીસ બાકીના ૧૧ મોબાઈલ કયાં મોકલ્યા કે વેચ્યા છે તેની તપાસ કરી રહી છે. બાકીના ૧૧ મોબાઈલ રીકવર કરવા માટે સે-૭ પોલીસે પુછતાછ માટે રિમાન્ડ મેળવા કોર્ટમાં રજુ કરતાં કોર્ટે એક દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે.

## સે. ૨૪ ઈન્દીરાનગરમાં મટનનો કચરો ફેંકવા બાબતે મારામારી

**અગાઉ આપેલા ઠપકાની અદાવત રાખી હુમલો કરાવ્યો : સવા તોલાના સોનાના દોરાને પણ લુંટી લેવાયો**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સેકટર-૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં આજે સવારના અરસામાં જૂની અદાવત રાખીને ચાર શખ્સોએ મળી એક આધેડને ઝુડી નાંખ્યો હતો. મારઝુડ કર્યા બાદ આધેડે પહેરેલો સવા તોલા વજનનો સોનાનો દોરો પણ લુંટી લેવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં દાખલ આધેડ ફરીયાદ આપતા સે. ૨૧ પોલીસે ૪ સામે ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં મકાન નં. ૫૭૭ ખાતે રહેતા આધેડે રામજીભાઈ મેલાભાઈ રાવળે અગાઉ તેમની બાજુમાં ચાલતી મટટની દુકાનમાં કામ કરતા ભુરીયા કુરેશી નામના શખ્સને મટનનો કચરો નાંખવા બાબતે ઠપકો આપ્યો હતો તેની અદાવત રાખીને ભુરીયા કુરેશીએ તેના અન્ય ત્રણ સાગરીતો મતીન, ઝાહીર અને સાનુ સાથે મળીને રામજીભાઈ પર હિંસક હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. મારઝુડ કરીને સવા તોલા વજનનો સોનાનો દોરો પણ લુંટી લેવામાં આવ્યો હતો. રામજીભાઈની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધીને તપાસનો દૌર શરૂ કર્યો છે.

## રાંદેસણ ગામમાં તસ્કરોના પગપેસારાથી ગ્રામજનોમાં ફફડાટ

***મંદિરના દરવાજાનું તાળુ તોડી ચાંદીના છત્તરની ચોરી : એક મકાનમાં ઘરફોડ ચોરીનો પ્રયાસ***

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક આવેલા રાંદેસણ ગામમાં તસ્કર ટોળકીએ પગપેસારો કરી એક જ રાત્રીમાં એક મકાન અને એક મંદિરના તાળા તુટ્યા હતા. ગામમાં સ્થિત એક મંદિરનું તાળુ તોડી ચાંદીના છત્તરની ચોરી કરી તસ્કર ટોળકીએ એક મકાનને નિશાન બનાવ્યું હતું. જો કે મકાનમાં ચોરી કરવામાં તસ્કરો નિષ્ફળ ગયા હતા. આ બનાવ અંગે સે. ૭ પોલીસ મથકમાં અરજી આપતા પોલીસે તપાસ આરંભી છે.

ગાંધીનગર પાસેના રાંદેસણ ગામમાં આવેલા મોટા ખોડીયાર માતાજીના મંદિરમાં અને એક મકાનમાં તસ્કરો ઘુસ્યા હતા. મંદિરના દરવાજાનું તાળુ તોડીને તસ્કરો ચાંદીનું વજનદાર છત્તર ચોરી કરીને ભાગી ગયા હતા. મંદિરમાં ચોરી કર્યા બાદ ગામના જ કનુભાઈ પોપટજી વાઘેલાના મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાનનું તોળુ તોડ્યું હતું. પરંતુ મકાનમાંથી કોઈ માલમત્તા ચોરી થવા પામી ન હતી. મકાનમાં ઘરફોડનો નિષ્ફળ પ્રયાસ તથા મંદિરમાં ઘરફોડ એક જ રાત્રીએ થતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આ બન્ને બનાવ અંગે સે. ૭ પોલીસને અરજી આપવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

## ઝેરી દવા ગટગટાવી ગયેલા છાલાના યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક આવેલી છાલા ગામના રહેતા ૩૦ વર્ષિય પરિણીત યુવાનની ૩જી ફેબ્રુઆરીએ ખેતરમાં જઈને કોઈ કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તાત્કાલીક સારવાર અર્થે તેને ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર સ્થિત એપોલો હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યાંથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ યુવક નટુભાઈ જોયતાભાઈ પટેલને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ચાર દિવસથી જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહેલા યુવાનનો ગઈ રાત્રે શ્વાસ રૂંધાઈ ગયો હતો. સારવાર દરમ્યાન તેનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. મૃતક યુવાનને દોઢ વર્ષનો એક દિકરો છે. આપઘાતનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.



(તસવીર : દિપક જાની)

સ્નેહમિલન - ગાંધીનગર ટાઉન હોલ ખાતે યોજાયેલ ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજ, ગાંધીનગર આયોજીત દશાબ્દી મહોત્સવ અને સ્નેહમિલન કાર્યક્રમમાં મંત્રીશ્રી રમણભાઈ વોરા, મહેશ-નરેશ કનોડીયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને સમાજના વિકાસ માટે સહચિંતન કર્યું હતું.

## સિવિલ હોસ્પિટલના નર્સનો એસ.ટી. ડેપોમાંથી મોબાઈલ ચોરાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓપીડીમાં આવેલા ડ્રેસીંગ વિભાગમાં ફરજ બજાવતા સ્ટાફ નર્સ મમતાબેન સેવાલીયાનો રૂ. ૧૭ હજારની કિંમતનો મોબાઈલ ડેપોમાંથી ચોરી થઈ જવા પામ્યો હતો. નોકરી પુરી કરીને અમદાવાદ જવા માટે મમતાબેન ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ગયા અને એસ.ટી. બસમાં ચઢે તે પહેલા જ કોઈ શખ્સ તેમના પાકીટમાંથી સોની કંપનીનો કિંમતી મોબાઈલ બઠ્ઠાવી ગયું હતું. સે-૭ પોલીસને આ અંગે ફરીયાદ મળતા વધુ તપાસ શરુ કરવામાં આવી છે.

## અતિ સુરક્ષીત ગણાતા મહાત્મા મંદિરમાંથી પણ ચોરી થઈ...!

***કાસ્ટીંગ ફાઉન્ડ્રી પ્રદર્શનમાં ચેન્નાઈથી એક કંપનીના પ્રતિનિધિ આવ્યા હતા : ૫૦ હજારની મત્તા ભરેલી બેગ ચોરાઈ ગઈ***

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના અતિ સુરક્ષિત ગણાતા વિસ્તાર જયાં અવારનવાર વીવીઆઈપીઓની અવરજવર રહે છે તેવા મહાત્મા મંદિરમાંથી પણ ચોરી થઈ જવાની ઘટના બનવા પામી છે. ચારેય તરફ સીસીટીવી કેમેરા લગાડેલા હોવા છતા મહાત્મા મંદિરમાં ચાલી રહેલા કાસ્ટીંગ ફાઉન્ડ્રી પ્રદર્શનમાંથી એક ચન્નાઈની કંપનીના પ્રતિનિધિની લેપટોપ તથા આઈપેડ સહિતનો માલ મુકેલી બેગ ચોરી થઈ જતાં સે-૭ પોલીસે તેમની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મહાત્મા મંદિર ખાતે કાસ્ટીંગ ફાઉન્ડ્રી પ્રદર્શન ચાલી રહ્યું છે. આ પ્રદર્શનમાં વિવિધ રાજયોની મોટી મોટી કંપનીઓ તેમની પ્રોડકટસના પ્રદર્શન માટે ભાગ લઈ રહી છે. ચેન્નઈની એક કંપનીના પ્રતિનિધિ સીગરૂ મિગરાજ ઈસીડા આ પ્રદર્શનમાં આવ્યા હતાં. ગઈ કાલે બપોરે ૩ થી ૪ વાગ્યાના સમયગાળામાં તેમની લેપટોપ બેગ કોઈ શખ્સ ચારીને સરકી ગયું હતું. તેમની બેગમાં લેપટોપ, આઈપેડ, પેનડ્રાઈવ તથા મેમરી કાર્ડ સહિત રૂ. ૫૦,૫૦૦ની કિંમતનો માલસામાન પડયો હતો. ચોરી અંગે ચેન્નઈ પ્રતિનિધિએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આજથી કોલવડામાં શિવકથા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરને અડીને આવેલા કોલવડા ગામ ખાતે ભવ્યાતિભવ્ય શિવકથા આજરોજ રવિવારથી તા. ૧૬ ફેબ્રુઆરી સુધી બપોરે ૨ કલાકથી ૫.૩૦ કલાક સુધી લાલઘર માતાજીના મંદિર ખાતે યોજાશે.

શહેરના કોલવડામાં ગોસ્વામી સંજય ભારતીબાપુની વ્યાસપીઠે તા. ૯ થી ૧૬ ફેબ્રુઆરી સુધી દરરોજ બપોરે ૨ કલાકથી ૫.૩૦ કલાક દરમિયાન શિવકથા યોજવામાં આવશે. પોથીયાત્રા બેન્ડવાજા સાથે ભુવાજી અરવિંદભાઈ પટેલના નિવાસ સ્થાનેથી કથા સ્થળ લાલઘર માતાજીના મંદિર ખાતે પહોંચશે. શિવકથાનો લાભ લેવા સૌ ભાવિ ભકતોને હાર્દિક આમંત્રણ પાઠવેલ છે.

## જયોતિ મહિલા મંડળ દ્વારા તુવેર-વટાણા વાનગી સ્પર્ધા

ગાંધીનગર, તા.૮

જયોતિ મહિલા મંડળ દ્વારા તા.૧૨મી ફેબ્રુઆરી બુધવારના રોજ બપોરે ૨ કલાકે પંચદેવ મંદિરના પાછળના પરિસરમાં બહેનો માટે લીલી તુવેર અને લીલા વટાણાની વાનગી સ્પર્ધા રાખવામાં આવી છે. વાનગી ઘરેથી બનાવીને લાવવા જણાવાયુંછે. સ્પર્ધામાં ભાગ લેવા નિરૂબેન નાયક ૨૩૨૨૬૫૪૬, પુષ્પાબેન મહેતા-૨૩૨૨૨૨૯૦ અને જયોત્સનાબેન મણીયાર ૨૩૨૨૬૫૩૧, શાંતાબેન શ્રીમાળી ૨૩૨૨૬૫૭૯નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. નગરની બહેનોને વિશાળ સંખ્યામાં ભાગ લેવા લતાબેન ચોકસી અને ચેતનાબેન બૂચે અપીલ કરી છે.

## ચંદ્રાલાની પરિણીતા ૨ દિવસથી લાપતા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક ચંદ્રાલા ગામમાં રહેતા ૩૦ વર્ષીય પરિણીતા કાળીબેન સોમાભાઈ રાવળ ૬ ફેબ્રુઆરીએ સાંજે ૭ વાગ્યે ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના કયાંક ચાલ્યા ગયા હતાં. આજે બે દિવસ બાદ પણ તેણીનો કોઈ પત્તો મળ્યો નથી કે ઘરે પરત પણ ફર્યા નથી. રિવારજનોએ હાથ ધરેલી શોધખોળ બાદ પણ કયાંયથી કાળીબેના સગડ ન મળતા ચિલોડા પોલીસ મથકને જાણવા જોગ અરજી આપતા ચિલોડા પોલીસે શોધખોળ આરંભી છે.

## જલારામ મંદિરમાં આજે ચામડીના રોગોનું નિદાન

ગાંધીનગર, તા. ૮

જલારામ સેવા સમાજ ટ્રસ્ટના ઉપક્રમે સુરેન્દ્રનગરના જાણીતા તબીબ ડૉ. એ.એસ. સોની દ્વારા રવિવારે સવારે ૧૧ થી ૪ દરમ્યાન જલારામ મંદિર, સે. ૨૯ ખાતે ચામડીના તમામ પ્રકારના રોગોનું આયુર્વેદિક પદ્ધતિથી નિદાન કરી રાહત દરે દવાઓનું વિતરણ કરવામાં આવશે. નગરજનોને આ સેવાયજ્ઞોનો લાભ લેવા જણાવાયું છે.



નીતિ નિયમો બનાવાય છે પણ પાલન થાય ત્યારે ખરૂ. ટ્રાફિક નિયમન દ્વારા રીક્ષાચાલકોએ પોતાનું ડ્રાઈવીંગ લાયસન્સ લગાવવું ફરજીયાત છે. આમ ન કરે તો જે તે ચાલકને દંડ અને સજાની જોગવાઈ છે. છતાં ઘણાખરાં રીક્ષાચાલકો હજુ મનમાની કરી ઘરની ધોરાજી ચલાવી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## સ્વર્ણિમ પાર્ક - ફેઈઝ-૨માં હવે પાઈપલાઈનનું કામ હાથ ધરાશે

**આંબેડકર ઉદ્યાનમાં જરૂરી વૃક્ષોની હરિયાળી જાળવી રાખવા પ્રયાસ કરાશે**

ગાંધીનગર, તા. ૮

સ્વર્ણિમ પાર્કને નિખારવા બીજા તબક્કાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. જેમાં ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં રસ્તો તોડવાનું કામ શરૂ કરી દેવાયું છે. આગામી દિવસોમાં પાણી-ગટરની લાઈનો નાંખવાનું કામ શરૂ કરી દેવાશે. જ્યારે આંબેડકર ઉદ્યાનમાં હરિયાળા વૃક્ષોને ટકાવી રાખવા પણ કાર્ય હાથ ધરાશે.

શહેરની મધ્ય વિસ્તારમાં આકાર લેતા ડ્રીમ પ્રોજેક્ટ અન્વયે ફેઈઝ-૨ની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. જે અન્વયે ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં સેન્ટ્રલ પ્લાઝા, ફૂડકોર્ટ, વોટરબોડી, ફાઉન્ટેનન પ્લાનેશન સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. હાલ આ વિસ્તારમાં હયાત રસ્તાને બંધ કરી તોડવાનું કામ ચાલી રહ્યું છે. જ્યારે આંબેડકર ઉદ્યાન આસપાસની ફેન્સીંગ પણ દૂર કરી દેવાઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ હાલ આ કામગીરી પૂર્ણ થયા બાદ પાણી-ગટર સહીતની જરૂરી લાઈનો નાંખવાનું કામ શરૂ કરાશે. આ માટે જરૂરી અભ્યાસ હાથ ધરાયો છે. આ ઉપરાંત આંબેડકર ઉદ્યાનમાં ઘણા ખરા વૃક્ષો અસ્તિત્વ ધરાવે છે. જ્યારે પ્રોજેક્ટની આગળની કામગીરી દરમિયાન આ વૃક્ષોને યથાવત રાખવા પણ પ્રયત્ન કરાશે. જો કે આ માટે હવે જરૂરી સર્વેની કાર્યવાહી હાથ ધરાશે ત્યારબાદ જ આખરી આયોજન થશે. અલબત્ત આંબેડકર ઉદ્યાનમાં હયાત વૃક્ષોને શક્ય હોય ત્યાં સુધી જાળવી રાખવા પણ પ્રયાસ કરાશે.

## કલોલ તાલુકા પંચાયતના આધુનિક સુવિધાથી સજ્જ નવીન ભવનનો લોકાર્પણ સમારંભ

ગાંધીનગર, તા.૮

કલોલ ખાતે આજરોજ રૂપિયા ૪ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામેલ કલોલ તાલુકા પંચાયતના નવીન મકાનનો લોકાર્પણ સમારંભ યોજાયો



હતો. આ સમારંભમાં જિલ્લા -ભારી અને નાંણા મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસથિત રહયાં હતાં. આ નવીન મકાન આધુનિક સુવિધાઓથી સજ્જ છે. તાલુકા પંચાયતના સ્વભંડોળ માંથી નવીન મકાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. નગરપાલિકા વિસ્તારમાં રૂપિયા ૪૯ લાખથી વધુના ખર્ચ નવ નિર્મિત આરોગ્ય અને શૈક્ષણિક સંકુલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ -સંગે નાંણા મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કલોલ તાલુકામાં ઉદ્યોગ, શિક્ષણ, પાણીની સુવિધા અને આરોગ્યલક્ષી જેવી સેવા સરળતાથી મળે છે, જેથી રાજયના અન્ય તાલુકોઓ સાપેક્ષમાં કલોલ તાલુકો સમૃધ્ધ અને વિકસિત તાલુકાઓમાં આવે છે. જેમ સચિવાલય રાજયના સરકારી વહીવટનું હાર્દ છે, તેમ તાલુકામાં તાલુકા પંચાયતની કચેરી વહીવટી હાર્દ છે. આ કચેરીમાંથી તાલુકાવાસીઓને રાજય સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત જાણકારી અને લાભો મળી રહે છે. તાલુકા પંચાયતની કચેરીઓમાં કામ કરતા અધિકારી - કર્મચારીઓની અથાગ મહેનતથી આજે રાજયના છેવાડાના ગામડાઓમાં વસતા વ્યક્તિ સુધી રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ પહોંચી શકયો છે.

શિક્ષણ રાજય મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના ૧૨ વર્ષના શાસનકાળમાં જનસુખાયના કામોને -ધાન્ય આપ્યું છે. આજે રાજયમાં -થમિક જરૂરિયાત રૂપ વીજળી, પાણી અને રસ્તાના કામો ખૂબ જ સુવ્યસથિત આયોજન કરી કરવામાં આવ્યા છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮
સૂર્યાસ્ત : ૫.૩૦

### તાપમાન

મહત્તમ : ૨૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૪૫ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૧૫, ૩.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હાર્ટલેસ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૦.૦૦, ૬.૪૫
હસી તો ફસી : ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫
બબલૂ હેપ્પી હે : ૬.૪૫, ૧૦.૦૦

**સૂર્યા, વાવોલ**

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
હસી તો ફસી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બબલૂ હેપ્પી હે : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
હેરીટેલ્સ : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**ચિરાગ સિનેમા(કલોલ)**

જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે. વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

**વૃષભ** : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

### ચિરવિદાય

- સ્વ. મંજૂલાબેન જીવણલાલ પટેલ (ઉ.વ. ૮૭) પ્લોટ નં. ૧૧૪૦/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. કોકીલાબેન બાબુલાલ પટેલ (ઉ.વ. ૫૬) જી-૦૦૨, જય યોગેશ્વર કોમ્પલેક્ષ, મુ.પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.